**પ્રતિવાદીની આંક–૭૭ ની સરતપાસ લગત વધુ ઉલટ તપાસ વાદી તર્ફે વિ.વ.શ્રી, વી.એચ.ભટ**

હું આ કામના વાદીને ઓળખતો નથી. મને એ વાતની ખબર નથી કે, દાવાવાળી જુના સર્વે નંબર ૧૬૫૩ વાળી જમીન ૪ એકર ૧૨ ગુંઠા વાદીના વડવાને મહારાણા ઘનશ્યામસિંહે ઘણા વર્ષો પહેલા આપેલ હતી. મને એ વાતની ખબર નથી કે, દાવાવાળી જમીન વાદીના વડવા ગૌરીશંકર ડોસાના ખાતે ખાતા નંબર ૬૧ થી બોલતી હતી. એ વાત ખરી છે કે, આ જુના સર્વે નંબર ૧૬૫૩ નો નવો સર્વે નંબર ૯૪૨ આપવામાં આવેલ છે. સર્વે નંબર ૯૪૨ ની ચર્તુદીશા મને ખબર છે. મને પૂર્વમાં શું આવેલ છે તે બાબતે પુછતા હું જણાવું છુ કે, મને પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ દીશાની ખબર નથી. એ વાત ખરી છે કે, આ કામમાં જુબાની આપવા માટે પ્રતિવાદી નં. ૧ તથા ૨ નાએ મને પાવર ઓફ એટર્ની આપેલ નથી. એ વાત ખરી છે કે, આ કામના પ્રતિવાદી નં. ૩ નાં સબ પેરા બી, સી, ડી વાળાએ આ કામમાં જુબાની આપવા માટે મને કોઈ આપવા માટે કોઈ પાવર ઓફ એટર્ની આપેલ નથી. મેં રેવન્યુ રેકર્ડમાં વારસાઈ નોંધ નંબર ૮૪૯૦ અને ૧૦૯૨ જોયેલ નથી.

એ વાત ખરી છે કે, હળવદ રાવલ પ્રભાશંકર મૈયારામ તથા જીવરામ મૈયારામ બે ભાઈઓ હતા. એ વાત ખરી છે કે, પ્રભાશંકર મૈયારામ અપરણીત હતા. જીવરામ મૈયારામને કુલ ચાર સંતાન હતા. જેમના નામ (૧) ભાનુશંકર જીવરામ રાવલ (૨) નીર્મળાબેન જીવરામ રાવલ (૩) હરબાળાબેન જીવરામ રાવલ (૪) નવનીતબેન જીવરામ રાવલ છે. દાવાવાળી જમીન કે જેનો જુનો સર્વે નંબર ૧૬૫૩ કે જેનો નવો સર્વે નંબર ૯૪૨ થયેલ છે પરંતૂ જુના સર્વે નંબરનું તથા નવા સર્વે નંબરનું માપ કેટલું હતુ તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે, દાવાવાળી જમીન વાદીના વડવાના ખાતે તા. ૩૦/૬/૧૯૦૫ ની જંગલબુકમાં તેઓના નામે દર્શાવેલ છે. એ વાતની મને ખબર નથી કે, દાવાવાળી જમીન રાવલ પ્રભાશંકર મૈયારામ તથા જીવરામ મૈયારામ ના ખાતે રેવન્યુ રેકર્ડમાં ચાલતી ન હતી. એ વાત ખરી છે કે, દાવાવાળી જમીન અમોએ કોઈની પાસેથી રજીસ્ટર્ડ દસ્તાવેજથી ખરીદ કરીને લીધેલ નથી. મને એ વાતની ખબર નથી કે, જુનો સર્વે નંબર ૧૨૪૦ કોની માલીકીનો તથા કોના કબજામાં તથા તેના માપની તથા તેની ચર્તુદીશાની મને ખબર નથી.

હું રાવલ ભાનુશંકર જીવરામનો વારસદાર છું. મેં ખાતા નંબર ૪૫૧ ભાનુશંકર જીવરામનું ખાતું જોયેલ નથી. મને એ વાતની ખબર નથી કે, રાવલ ભાનુશંકર જીવરામના ખાતા નંબર ૪૫૧ માં આ દાવાવાળો જુનો સર્વે નંબર ૧૬૫૩ કે જેનો નવો સર્વે નંબર ૯૪૨ છે તે તેમના ખાતે બોલતો ન હતો. મને એ વાતની ખબર નથી કે, ગુજરનાર જીવરામ મૈયારામ તથા પ્રભાશંકર મૈયારામનો પેઢીઆંબો કોણે તૈયાર કરાવેલો. મને એ વાતની ખબર નથી કે, વારસાઈ નોંધ ૮૪૯૦ કઈ સાલમાં પાડવામાં આવેલી. મને એ વાતની ખબર નથી કે, વારસાઈ નોંધ ૮૪૯૦ માં સોગંદનામાં પણ કોને રજુ કરેલા. મને એ વાતની ખબર નથી કે, દાવાવાળી જમીનની રેવન્યુ રેકર્ડમાં કઈ સાલમાં કોના નામે એન્ટ્રી પડેલી. નોંધ નંબર ૧૭૨૭ મેં વાંચેલી નથી. નોંધ નંબર ૧૭૨૭ કોને પડાવેલી અને કઈ સાલમાં પડાવેલી અને કોના નામે પડાવેલી તેની મને ખબર નથી.

એ વાત ખરી છે કે, મેં નોંધ નંબર ૧૦૯૨, ૮૪૯૦ તથા ૧૭૨૭ અંગે મામલતદાર હળવદમાં કોઈ બોમ્બે લેન્ડ રેવન્યુ કોડની કલમ ૩૭(૨) અન્વયે કોઈ દાવો કરેલ નથી. એ વાત ખરી છે કે, આ દાવાને લગત તમામ પેપર્સ મેં વાચેલ છે. એ વાત ખરી છે કે, દાવાવાળી જમીન અમોએ કોઈની પાસેથી રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજથી લીધેલ નથી. એ વાત ખરી છે કે, આ દાવાવાળી જમીન અમોને કોઈએ ગીરો કે બક્ષીસથી પણ આપેલ નથી. એ વાતની મને ખબર નથી કે, નોંધ નંબર ૧૦૯૨, ૮૪૯૦ તથા ૧૭૨૭ કોઈ રજીસ્ટર્ડ દસ્તાવેજના આધારે અમોએ પડાવેલ નથી. અમારા વાંધા જવાબમાં લખેલ હકીકત મેં વાંચેલ છે. મને એ ખબર નથી કે, આંક–૨૦ વાળા જવાબમાં દાવાવાળી જમીન રાવલ પ્રભાશંકર મૈયારામ તથા જીવરામ મૈયારામને કયાંથી મળેલી તેનો ઉલ્લેખ કરેલ નથી. મને એ વાતની ખબર નથી કે, રાવલ પ્રભાશંકર મૈયારામ તથા જીવરામ મૈયારામનો કેટલા નંબરનો ૮–અ હતો. એ વાત ખરી છે કે, આ દાવાવાળી જમીનના ધ્રાગંધ્રા સ્ટેટ વખતના વેરા–વીઘોટીની કોઈ પહોંચ મેં જોયેલ નથી. હું ધોરણ ૧૦ સુધી ભણેલ છુ અને મને લખતા વાંચતા આવડે છે. એ વાત ખરી છે કે, દાવાવાળી જમીનની આંક–૫૮ ની ધ્રાગંધ્રા સ્ટેટની વેરા–વીઘોટીની પહોંચ વાદીના વડવાના નામની છે. એ વાતની મને ખબર નથી કે, આંક–૫૯ ના ધ્રાગંધ્રા સ્ટેટના જુના ખાતા નંબર ૨૪ થી આ દાવાવાળું ખેતર વાદીના વડવાઓના ખાતે બોલતું હતું. એ વાતની મને ખબર નથી કે, આંક–૬૦ મુજબ દાવાવાળું ખેતર વાદીના વડવાના નામે બોલતું હતું. એ વાત ખરી છે કે, આંક–૬૦ માં સર્વે નંબર ૧૬૫૩ તથા ૪ એકર ૧૨ ગુંઠા તથા ખેતરનું નામ પીપરીયું તથા સામે ગૌરીશંકર

ડોસાનું નામ લખેલ છે. એ વાત ખરી છે કે, સર્વે નંબર ૧૬૫ર લખેલ છે અને જેનું માપ ૭ એકર ૧ર ગુંઠા છે અને ખેતરનું નામ પીપરીયું છે અને જે ખેતર રાવલ મૈયારામ પરસોતમ લખેલ છે. એ વાત ખરી નથી કે, દાવાવાળી જમીન અંગે પ્રતિવાદીઓને કાંઈ લેવા દેવા ન હોય અને દાવાવાળી જમીન પ્રથમથી જ વાદીની માલીકીની તથા કબજા ભોગવટાની છે તેમ છતા સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છું.

ફેરતપાસ નથી.

તા.૧૭/૦૭/ર૦ર૫ મારી રૂબરૂ

હળવદ.
3:33 PM

સાહેદ ને મારી રુબરુ જુબાની વાંચી સંભળાવતા
તે ખરી અને કબુલ રાખેલ છે.

**( નિમિષા ગંગારામભાઈ સુરતી )**
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
હળવદ.
કોડ નં.જીજે. ૦૦૭૧૧

**( નિમિષા ગંગારામભાઈ સુરતી )**
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
કોડ નં.જીજે. ૦૦૭૧૧